# આનંદાલય

વાર્ષિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – ૭

વિદ્યા सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦ સમય : ૧ કલાક

તા : ૨૦ .૦૨ .૨૦૨૩

નામ ____________________ ધોરણ: __________ ક્રમાંક : __________

પ્ર . ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો .

É રાજાએ પંખીને સરોવરમાં રહેવાનું કહ્યું ત્યારે પંખીએ હંસો વિશે રાજાને શું કહ્યું ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |
| |

૨ વિષ્ણુદત્તનું ગાડું કાદવ કીચડમાં કેવી રીતે ફસાયું ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |

પ્ર . ૨ નિર્દેશ પ્રમાણે લખો

અ સમાનાર્થી શબ્દ આપો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | ગરદન | |
| ૨ | ભુજંગ | |
| 3 | ઉજાસ | |

| | | |
|---|---|---|
| ૪ | મૂલ્ય | |

બ વિરોધાર્થી શબ્દ આપો (૪)

| | | |
|---|---|---|
| É | તળેટી | |
| r | યજમાન | |
| Ë | ઉપયોગી | |
| Ì | ધુતારો | |

પ્ર . 3 અ . ખાલી જગ્યા પૂરો . (૨)

૧ રાજા ____________ પ્રતાપના મહેલની પાછળ એક મોટું સરોવર હતું .

૨ તું બીજાના ભરોસે બેઠો છે એટલે ____________ છે .

બ . નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો . (૨)

૧ માતાએ પુત્રને કપૂરની ડાબલીમાં કાચબો આપ્યો . [ ]

૨ કવિ સેવકને હામ આપવાનું કહે છે . [ ]

પ્ર . ૪ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો (૪)

એક વાર નદીને પોતાના પાણીના પ્રચંડ વહેણ ઉપર અભિમાન થયું. તેને લાગ્યું કે મારામાં એટલી તાકાત છે કે હું પહાડ, મકાન, ઝાડ, પશુઓ, માનવ વગેરે બધાંને વહાવી લઈ જઈ શકું છું.

તેણે ઘણાં ગર્વીલા સ્વરે સમુદ્રને કહ્યું, "કહો જોઈએ, તમારા માટે શું લાવું? મકાન, પશુ, માનવ, વૃક્ષ જે કંઈ તમે કહેશો તે હું તમારા માટે મૂળ સહિત ઉખાડીને લઈ આવીશ! "

સમુદ્રને સમજાઈ ગયું કે નદીને અભિમાન આવી ગયું છે. તેણે નદીને કહ્યું, "જો તું મારા માટે કંઈક લાવવા જ ચાહતી હોય તો જમીન પર ઊગેલું થોડું ઘાસ ઉખાડી લાવ."

નદીએ સાગરને અભિમાનમાં કહ્યું, "બસ, આટલું જ માંગ્યું! હમણાં જ લઈ આવું."

નદીએ પોતાના જળનું સઘળું જોર અજમાવ્યું. પણ ઘાસ તો ઉખડ્યું જ નહીં! નદીએ અથાગ પ્રયત્નો કર્યાં, પણ વ્યર્થ. આખરે નદી સમુદ્ર પાસે ગઈ અને બોલી, "હું વૃક્ષ, મકાન, પહાડ વગેરે તો ઉખાડીને લાવી શકું છું પણ જ્યારે જ્યારે ઘાસને ઉખાડી લાવવાની કોશિશ કરું છું ત્યારે ત્યારે એ નીચે તરફ ઝૂકી જાય છે અને મારે ખાલી હાથે તેની ઉપરથી પસાર થઈ જવું પડે છે."

સમુદ્રએ નદીની વાત ધ્યાનથી સાંભળી અને પછી હસતા હસતા કહ્યું, "જે પહાડ અને વૃક્ષની જેમ કઠોર હોય છે તે આસાનીથી ઉખડી જાય છે પણ ઘાસ જેવી વિનમ્રતા જેણે શીખી લીધી હોય, તેને પ્રચંડ આંધી - તોફાન કે પ્રચંડ વેગ પણ ઉખાડી શકતા નથી. "

જીવનમાં ખુશીનો અર્થ લડાઈઓ લડવી એમાં નથી, બલ્કે એમનાથી બચવામાં છે. કુશળતા પૂર્વક પીછેહઠ પણ ક્યારેક જીતનું કારણ બને છે. અભિમાન ફરીશ્તાઓને પણ શેતાન બનાવી દે છે અને વિનમ્રતા સાધારણ મનુષ્યને પણ ફરીશ્તો બનાવી દે છે.

૧ નદીને શા માટે અભિમાન હતું ?

| |
|---|
| |
| |
| |
| |
| |

૨ સમુદ્રએ નદી પાસે શું માગ્યું ?

| |
|---|
| |
| |
| |
| |
| |

3 નદી ઘાસને કેમ ઉખાડી શકી ?

| |
|---|
| |
| |
| |

| |
|---|
| |

૪ આ વાર્તા તમને શું શીખ આપે છે ?

| |
|---|
| |
| |
| |
| |